




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-36 ■ તા. 30-08-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# દેશભરમાં એક સાથે ચૂંટણી યોજવાની સરકારની તૈયારી..!!

## રાજ્યોની ભૂમિકા સીમિત કરવા પ્રયાસો, બેઠકમાં બંધારણની કલમ ૨૪૩K અને ૨૪૩ZA માં ફેરફાર કરી દેશમાં બધી ચૂંટણી માટે એક મતદાર યાદી બનાવવાના વિકલ્પ ઉપર ચર્ચા



*ન્યુ દિલ્હી,તા.૨૯*

દેશમાં એક સાથે ચૂંટણી યોજવાના મુદ્દે ચર્ચા કરવા માટે પીએમઓમાં આ મહિનાના પ્રારંભે એક મહત્વની બેઠક મળી હતી. આ બેઠક દરમિયાન તમામ સ્થાનિક ચૂંટણીઓ, વિધાનસભા અને લોકસભાની ચૂંટણી માટે એક કોમન વોટર લિસ્ટ તૈયાર કરવાને લઈને ચર્ચા થઈ હતી. ૧૩ ઓગસ્ટે મળેલી આ બેઠકનું અધ્યક્ષપદ પીએમના અગ્રસચિવ પી.કે.મિશ્રાએ સંભાળ્યું હતું.

બેઠક દરમિયાન બે વિકલ્પો ઉપર વાત થઈ હતી. જેમાં પ્રથમ એ કે કલમ ૨૪૩ કે અને ૨૪૩ ઝેડએમાં ફેરફાર કરી દેશમાં બધી ચૂંટણી માટે એક મતદાર યાદી હોવી જોઈએ. બીજુ એ કે રાજ્ય સરકારોને પોતપોતાના કાયદાઓમાં ફેરફાર કરીને નગરપાલિકા અને પંચાયત ચૂંટણી માટે ચૂંટણી પંચની મતદાર યાદીને અપનાવવા માટે રાજી કરવામાં આવે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે કેબિનેટ સચિવ, રાજીવ ગૌબા, વિધાન સચિવ નારાયણ રાજુ, પંચાયતની રાજ સચિવ સુનિલ કુમાર અને ચૂંટણી પંચના ૩ પ્રતિનિધિ અને સેક્રેટરી જનરલ ઉમેશ સિંહા પણ આ બેઠકમાં હાજર રહ્યા હતા.

કલમ ૨૪૩ કે અને ૨૪૩ ઝેડ એ રાજ્યોમાં પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણીને લગતા છે જે રાજ્ય ચૂંટણી પંચને મતદાર યાદી તૈયાર કરવાથી લઈને ચૂંટણી યોજવા સુધીની સત્તા પ્રદાન કરે છે.

તો બીજી તરફ બંધારણની કલમ ૩૨૪ (૧) હેઠળ ચૂંટણી પંચને સંસદ અને રાજ્યવિધાન સભા સુધીની બધી ચૂંટણીઓમાં મતદાર યાદીમાં સુધારણા કરવા, તૈયાર કરવા દેખરેખ કરવા સહિતની સત્તાઓ પ્રદાન કરે છે. બીજા શબ્દોમાં કહીએ તો રાજ્ય ચૂંટણી પંચ સ્થાનિક ચૂંટણીઓ માટે પોતાની મતદાર યાદી તૈયાર કરવા માટે સ્વતંત્ર છે અને આ કવાયતને ચૂંટણી પંચ સાથે સંકલિત કરવાની જરૂર રહેતી નથી.

હાલ મોટાભાગના રાજ્યો પંચાયતો અને નગરપાલિકાની ચૂંટણી માટે ચૂંટણી પંચની મતદાર યાદીનો ઉપયોગ કરે છે. તેઓ પોતાની મતદાર યાદીનો ઉપયોગ કરતા નથી.

જોકે યુપી, મ.પ્રદેશ, કેરળ, આસામ, અરૂણાચલ, નાગાલેન્ડ અને જમ્મુ-કાશ્મીર જેવા કેન્દ્ર શાસિત પ્રદેશો સ્થાનિક ચૂંટણી માટે પોતાની મતદાર યાદીનો ઉપયોગ કરે છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે પીએમઓમાં યોજાયેલી બેઠકમાં બે વિકલ્પો ઉપર ચર્ચા થઈ હતી. સુનિલકુમારે એ બાબતની તરફેણમાં હતા કે બાકીના રાજ્યોને પણ સ્થાનિક ચૂંટણી માટે ચૂંટણી પંચની મતદાર યાદી માટે સમજાવવામાં આવે.

આ બેઠકમાં છેલ્લે મિશ્રાએ કેબિનેટ સચિવને કહ્યું હતું કે, તેઓ રાજ્યોનો સંપર્ક સાધે અને એક મહિનામાં નવા પગલા વિષે વિચાર કરવો. ગયા વર્ષે ભાજપે ચૂંટણી ઢંઢેરામાં કોમન (સમાન) મતદાર યાદીનું પણ વચન આપ્યું હતું. પક્ષ લોકસભા - વિધાનસભા - સ્થાનિક ચૂંટણીઓ સાથે યોજવાની તરફેણ પણ કરે છે.

જો કે સીંગલ વોટ્ર્સ લીસ્ટ કોઈ નવી વાત નથી.

૨૦૧૫માં લો-પંચે તેના ૨૫૫માં રિપોર્ટમાં આની ભલામણ કરી હતી. ૧૯૯૯ અને ૨૦૦૮માં ચૂંટણી પંચે આ જ આધાર લીધો હતો. તેણે નોંધ્યું હતું કે, ચૂંટણી પંચ અને રાજ્ય ચૂંટણી પંચની મતદાર યાદી વચ્ચે એકરૂપતા ન હોવાથી ડુપ્લીકેશનના બનાવો વધે છે.

વળી મતદારનું એકમાં નામ હોય છે જ્યારે બીજામાં ગાયબ હોય છે.

તેથી સરકાર સમાન મતદાર યાદી અને સમાન ચૂંટણી ઈચ્છે છે કે જેથી મહેનત અને ખર્ચ બચે.

### પુલવામાં એન્કાઉન્ટર: ત્રણ આતંકી ઠાર, એક જવાન શહિદ

## છેલ્લા ૨૪ કલાકમાં જમ્મુ-કાશ્મીરમાં સાત આતંકીઓનો સફાયો

**શુક્રવારે એન્કાઉન્ટરમાં સેનાએ ૪ આતંકીઓને ઠાર કર્યા હતા, આતંકવાદીઓ પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો અને કારતૂસ જપ્ત કરાયા, આ વર્ષે ૧૫૦થી વધુ આતંકવાદીઓ અથડામણમાં માર્યા ગયા છે**



શ્રીનગર,તા.૨૯

જમ્મુ કશ્મીરના પુલવામામાં છેલ્લા ચોવીસ કલાકમાં સિક્યોરિટી દળો અને આતંકવાદીઓ વચ્ચે બીજી વાર અથડામણ થઈ હતી જેમાં સિક્યોરિટી દળનો એક જવાન શહીદ થયો હતો. સામા પક્ષે ત્રણ આતંકવાદી ઠાર થયા હતા.ભારતીય લશ્કરના પ્રવક્તાએ આપેલી માહિતી મુજબ સાઉથ પુલવામામાં જદૂરા ગામમાં આતંકવાદીઓ અને સિક્યોરિટી દળો વચ્ચે અથડામણ થઈ હતી. અત્યાર અગાઉ શુક્રવારે પણ સિક્યોરિટી દળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી જેમાં ચાર આતંકવાદી ઠાર થયા હતા અને એક આતંકવાદી શરણે આવ્યો હતો. આજના એન્કાઉન્ટરમાં આપણો એક જવાન શહીદ થયો હતો. સામે ત્રણ આતંકવાદી ઠાર થયા હતા. આમ ચોવીસ કલાકમાં જવાનોએ સાત આતંકવાદીને ઠાર કર્યા હતા. ઠાર કરાયેલા આતંકવાદીઓ પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો અને કારતૂસ જપ્ત કરવામાં આવી છે.પ્રવક્તાએ વધુમાં જણાવ્યું હતું કે ઘટનાસ્થળેથી કેટલાંક હથિયારો અને વાંધાજનક સામાન મળ્યો હતો, આતંકવાદીઓ પાસેથી એક એકે ૪૭ અને બે પિસ્તોલ સિક્યોરિટી દળોએ કબજે કર્યા હતા. સિક્યોરિટી દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો અને હજુ વધુ તપાસ ચાલુ હતી. કશ્મીર ખીણ વિસ્તારમાં લશ્કર અને પોલીસ વીણી વીણીને આતંકવાદીને ખતમ કરી રહ્યા હતા શુક્રવારે થયેલી અથડામણમાં સરપંચ નાસિરની હત્યા કરનારો સુહૈબ પણ માર્યો ગયો હતો એમ કશ્મીરના આઈજીપી વિજય કુમારે કહ્યું હતું.છેલ્લા થોડા સમયથી આતંકવાદીઓ જે તે વિસ્તારના સરપંચ અને સિક્યોરિટી દળના જવાનો પર હુમલા કરી રહ્યા હતા. જો કે કેન્દ્ર સરકારે આપેલી છૂટના પગલે હવે સિક્યોરિટી દળો વધુ કડક હાથે કામ લઈ રહ્યા હતા. જ્યાં જ્યાં આતંકવાદી હોવાની માહિતી મળે ત્યાં સિક્યોરિટી જવાનો જઈને આતંકવાદીને પડકારે છે અને શક્ય હોય ત્યાં સુધી એને જીવતો પકડવાના પ્રયાસ કરે છે. આતંકવાદી ગોળીબાર કરે તો સામો ગોળીબાર કરીને એને હંફાવવામાં આવે છે.

## દેશમાં આવતા વર્ષે ફેબ્રુઆરી સુધી બે કોરોના વેક્સીન ઉપલબ્ધ હશે, ભારતે કર્યો કરાર

**નવીદિલ્હી**

જેમ જેમ કોવિડ-૧૯ની વેક્સીનનું પરીક્ષણ આગળ વધી રહ્યું છે તેમ તેમ ભારતની બજારમાં ૨૦૨૧ની શરૂઆતમાં એક સ્વીકૃત રસી ઉપલબ્ધ બનશે તેવી આશા જન્મી રહી છે. બર્નસ્ટીનના એક રિપોર્ટમાં આ વાત કહેવામાં આવી છે. વૈશ્વિક સ્તર પર ચાર સંભવિત રસી છે, જેને વર્ષ ૨૦૨૦ના અંત સુધીમાં અથવા ૨૦૨૧ની શરૂઆતમાં સર્વ સ્વીકૃતિ મળી જવાની આશા છે. જેમાંથી બે રસી એસ્ટ્રાજેનેકા-ઑક્સફોર્ડ વાયરલ વેક્ટર રસી અને નોવાવેક્સની પ્રોટીન સબયૂનિટ રસી સાથે ભારતે ભાગીદારી કરી છે. રિપોર્ટ પ્રમાણે આ બંને રસીના પ્રથમ અને બીજા તબક્કાનું પરીક્ષણ યોગ્ય લાગી રહ્યું છે.

આથી જ આશા જન્મી છે કે ભારતની બજારમાં ૨૦૨૧ના વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં એક સ્વીકૃત રસી આવી જશે. કહેવામાં આવી રહ્યું છે કે રસીની કિંમત પ્રતિ ડોઝ ત્રણથી છ ડોલર (૨૨૫થી ૫૫૦ રૂપિયા) હોઈ શકે છે. અંદાજ પ્રમાણે હર્ડ ઈમ્યુનિટિ વિકસિત થવામાં બે વર્ષ લાગી શકે છે, આથી તાત્કાલિક રસીની શોધ થાય તે જરૂરી છે.રિપોર્ટ પ્રમાણે ભારતને મોટા પ્રમાણમાં રસીકરણના બે અનુભવ છે. જેમાં ૨૦૧૧માં પોલીયો નાબૂદી અભિયાન અને તાજતેરના સઘન મિશન ઈન્દ્રધનુશ સામેલ છે. જોકે, કોવિડ ૧૯ની સરખામણીમાં તેમનું સ્તર એક તૃતિયાંશ જ હતું. બર્નસ્ટીને કહ્યું કે કોલ્ડ સ્ટોરેજ ગૃહોની શ્રેણી અને કુશળ શ્રમની ઉછત મોટો પડકાર છે.

એવું માની લેવામાં આવે કે રસીકરણની પ્રક્રિયા પહેલા કરતા બે ગણી કરી દેવામાં આવે તો પણ આ કાર્યક્રમને અમલમાં મૂકતા ૧૮થી ૨૦ મહિના નીકળી જશે.રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, અમારું માનવું છે કે શરૂઆતની રસી સ્વાસ્થ્યકર્મી અને ૬૫ વર્ષથી વધારે ઉંમરના લોકો જેવા સંવેદનશીલ વર્ગને આપવી જોઈએ. જે બાદમાં આવશ્યક સેવા કામમાં જોડાયેલા લોકોને રસી આપવી જોઈએ. રિપોર્ટ પ્રમાણે નોવાવેક્સની રસી ઓક્સફોર્ડની રસીની સરખાણમીમાં સારું પરિણામ આપી રહી છે. બંનેના પ્રથમ બે તબક્કા ખૂબ સારા રહ્યા છે. હાલ બંને ત્રીજા તબક્કામાં છે. જે પ્રમાણે વ્યક્તિને ૨૧થી ૨૮ દિવસની અંદર બે વખત ડોઝ આપવો પડશે.તેમણે કહ્યુ કે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા પ્રથમ રસી રજૂ કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ તરફથી ઑક્સફોર્ડ અને નોવાવેક્સ બંને સાથે સંભવિત રસીના ઉત્પાદન માટે કરાર કરવામાં છે. તેમની પાસે પ્રોટીન સબ યુનિટ અને વાયરલ વેક્ટર બંને પ્રકારની રસીના ઉત્પાદનની ક્ષમતા છે. રિપોર્ટ પ્રમાણે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ૨૦૨૧માં ૬૦ કરોડ ડોઝ તેમજ ૨૦૨૨માં એક અબજ ડોઝ બનાવી શકશે. જેમાંથી ૨૦૨૧માં ભારત માટે ૪૦ થી ૫૦ કરોડ ડોઝ ઉપલબ્ધ બનશે. આ ઉપરાંત ભારતની ત્રણ કંપની ઝાયડસ, ભારત બાયોટેક અને બોયોલોજિકલ ઈ પણ પોતાની રસી પર કામ કરી રહી છે. તેઓ પ્રથમ કે બીજા તબક્કામાં છે. બર્નસ્ટીમના અનુમાન પ્રમાણે ભારતનું રસી બજાર નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં છ અબજ ડૉલરનું થઈ શકે છે.

### ગાંધી, નહેરુ કે આંબેડકર કોઈએ પણ વિચાર્યું નહીં હોય કે દેશની આ સ્થિતિ હશે

## અભિવ્યક્તિની સ્વતંત્રતા ખતરામાં, તે દેશનું મોં બંધ રાખવા માંગે છે: સોનિયા ગાંધી



ન્યુ દિલ્હી,તા.૨૯

કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધીએ શનિવારે કહ્યું કે દેશમાં કેટલીક તાકતો લોકોને લડાવીને નફરતનું ઝેર ફેલાવી રહી છે. તેમણે કહ્યું કે આ સમયે દેશમાં અભિવ્યક્તિનો અધિકાર જોખમમાં છે અને તે શક્તિઓ દેશના ઘણા વર્ગને મૌન રાખવા માંગે છે. યુપીએના અધ્યક્ષ સોનિયાએ કહ્યું હતું કે ગાંધી, નહેરુ અથવા આંબેડકર જેવા આપણા પૂર્વજોએ કદી કલ્પના પણ નહોતી કરી કે આઝાદીના ૭૫ વર્ષ પૂરા થયા પછી દેશમાં એવી પરિસ્થિતિ હશે કે બંધારણ અને લોકશાહી જોખમમાં મુકાશે.

સોનિયાએ કહ્યું, "કેટલીક તાકતો જે ઈચ્છે છે કે લોકો એકબીજા સાથે ઝગડતા રહે, દેશમાં નફરતનું ઝેર ફેલાવી રહી છે." દેશમાં અભિવ્યક્તિનો અધિકાર જોખમમાં છે, લોકશાહીનો નાશ થઈ રહ્યો છે. તેઓ ઈચ્છે છે કે દલિતો, આદિવાસીઓ, મહિલાઓ અને યુવાનો મોં બંધ રાખે. તેઓ દેશને ચૂપ રાખવા માગે છે. આપણા પૂર્વજોમાંથી કોઈ પણ, મહાત્મા ગાંધી, જવાહરલાલ નહેરુ અથવા ભીમરાવ આંબેડકર હોય, તેઓ કલ્પના પણ નહીં કરી હોય કે આઝાદીના ૭૫ વર્ષ પછી દેશ આવી સ્થિતિમાં હશે જ્યારે આપણું બંધારણ અને લોકશાહી જોખમમાં પડી જશે. '

આપને જણાવી દઈએ કે આ સમયે કોંગ્રેસ પણ ખરાબ રીતે સંઘર્ષ કરી રહી છે.

પાર્ટીના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે ફરી એકવાર કહ્યું છે કે, પાર્ટીના ઘણા વરિષ્ઠ નેતાઓની નારાજગી હોવા છતાં, કોંગ્રેસ કાર્યકારી સમિતિ સહિત સંગઠનના મુખ્ય હોદ્દા માટે ચૂંટણીઓ યોજાવી જોઈએ.

તેમણે એમ પણ કહ્યું હતું કે જેઓ ચૂંટણીનો વિરોધ કરી રહ્યા છે તેઓ તેમના પદ પર જવાથી ડરતા હોય છે. આઝાદે કહ્યું હતું કે, જો સંગઠનમાં ચૂંટણીઓ યોજાતી નથી, તો કોંગ્રેસ આગામી ૫૦ વર્ષો સુધી વિપક્ષમાં બેસશે.

## જાપાનની સ્કાઈડ્રાઈવ ઈંક્રે ઉડતી કારનું સફળ પરીક્ષણ કર્યું

ટૉક્યો,તા.૨૯

હૉલીવુડ અભિનેતા રૉબિન વિલિયમ્સની ૧૯૯૭ની ફિલ્મ ફલબરમાં ઉડતી કારનું એક દ્રશ્ય છે. જેને હકીકતમાં થતુ જોવા દરેક ઈચ્છે છે અને હવે આ સપનુ સાચુ થતુ જોવા મળી રહ્યુ છે. જાપાનની સ્કાઈડ્રાઈવ ઈંક્રે એક વ્યક્તિ સાથે પોતાની ઉડતી કારનું સફળ પરીક્ષણ કર્યુ છે.

કંપનીએ આનો એક વીડિયો બતાડ્યો, જેમાં એક મોટરસાઈકલ જેવુ વાહન જેમાં લાગેલા પ્રોપેલેન્ટે તેને જમીનથી કેટલાય ફૂટ (એકથી બે મીટર) ની ઉંચાઈ પર ઉડાડ્યુ. આ મોટરસાઈકલ એક નિશ્ચિત વિસ્તારમાં ચાર મિનિટ સુધી હવામાં રહી. સ્કાઈડ્રાઈવની આ પરિયોજનાના પ્રમુખ તોમોહિરો ફુકુજાવાએ કહ્યુ કે તેમને ૨૦૨૩ સુધી ઉડતી કારના વાસ્તવિક ઉત્પાદક તરીકે ઉભરી આવવાની આશા છે.

જોકે, તેમણે સ્વીકાર કર્યો કે આને સુરક્ષિત બનાવવુ એક મોટો પડકાર છે. તેમણે કહ્યુ કે દુનિયાભરમાં ઉડતી કારને લઈને ૧૦૦થી વધારે પરિયોજનાઓ ચાલી રહી છે. તેમાથી કેટલીક જ એવી પરિયોજનાઓ છે જે એક વ્યક્તિને લઈને ઉડાન ભરવામાં સફળ રહી છે. ફુકુજાવાએ કહ્યુ કે મને આશા છે કે કેટલાક લોકો આને ડ્રાઈવ કરવા ઈચ્છે છે અને સુરક્ષિત મહેસૂસ કરવા ઈચ્છે છે.

તેમણે કહ્યુ કે આ હજુ પાંચથી ૧૦ મિનિટ સુધી જ ઉડી શકે છે પરંતુ આના ઉડાન સમયને વધારીને ૩૦ મિનિટ સુધી કરી શકાય છે.

આમાંથી કેટલીક સંભાવના છે અને આને ચીન જેવા દેશોમાં નિર્યાત પણ કરી શકાય છે.

સ્કાઈડ્રાઈવ પરિયોજના પર ૨૦૧૨માં એક સ્વૈચ્છિક પરિયોજના તરીકે કામ શરૂ કરવામાં આવ્યુ હતુ. આ પરિયોજનાને જાપાનની પ્રમુખ વાહન કંપની ટોયોટા મોટર કૉર્પ, ઈલેક્ટ્રોનિક કંપની પેનાસૉનિક કૉર્પ અને વીડિયો ગેમ કંપની નેમકોએ નાણાકીય પોષણ આપ્યુ હતુ.

## અમેરિકામાં હવે કોરોના પીડિતોને અપાશે રેમેડિસવિર: મળી મંજૂરી

**ગિલિયડના અધ્યયનમાં જાણવામાં આવ્યુ છે કે કોરોના વાઈરસના કારણે હોસ્પિટલમાં દાખલ દર્દીઓમાં, રેમેડિસવિર ઉપયોગ બાદ પાંચ દિવસની સારવારમાં સુધાર થવાની સંભાવના ૬૫% વધારે હતી.**

ન્યુ દિલ્હી,તા.૨૯

અમેરિકાએ પોતાના દેશમાં કોરોના પીડિત દર્દીઓ પર એન્ટિવાયરલ ડ્રગ રેમેડિસવિરના ઉપયોગને પરવાનગી આપી દીધી છે.

હોસ્પિટલમાં દાખલ કોરોના સંક્રમિત દર્દીઓને હવે આ દવા આપવામાં આવશે.

ડ્રગમેકર કંપની ગિલિયડ સાયન્સે કહ્યુ કે નિયામકોએ કોવિડ-૧૯ના કારણે હોસ્પિટલમાં દાખલ તમામ દર્દીઓ માટે પ્રાયોગિક એન્ટિવાયરલ ડ્રાગ રેમેડિસવિરનો ઉપયોગ કરવાની અનુમતિ આપી દીધી છે.


અગાઉ અમેરિકી ખાદ્ય અને ઔષધિ વહીવટીતંત્રએ આપાતકાલીન સ્થિતિમાં આ દવાના ઉપયોગની પરવાનગી આપી દીધી હતી અત્યાર સુધી આ ગંભીર કોરોના વાયરસથી પીડિત રોગીઓને આપવામાં આવતી હતી. કેલિફોર્નિયાની કંપની ગિલિયડે ૧૦ ઓગસ્ટે રેમેડિસવિરની ઔપચારિક મંજૂરી માટે અરજી કરી હતી. હવે આને બ્રાન્ડ નામ વેક્લેરી હેઠળ વેચવામાં આવશે.

ગિલિયડે એક નિવેદનમાં કહ્યુ કે આ આપાતકાલીન ઉપયોગની સુવિધાનો વિસ્તાર છે. હોસ્પિટલમાં દાખલ દર્દીઓને લઈને હાલના સંઘીય અધ્યયનના પરિણામો પર આ આધારિત હતુ. જેમાં ગંભીરતાના વિભિન્ન સ્તરને જોતા આ નિર્ણય લેવાયો છે.

ગિલિયડના અધ્યયનમાં જાણવામાં આવ્યુ છે કે કોરોના વાઈરસના કારણે હોસ્પિટલમાં દાખલ દર્દીઓમાં, રેમેડિસવિર ઉપયોગ બાદ પાંચ દિવસની સારવારમાં સુધાર થવાની સંભાવના ૬૫% વધારે હતી.

# જેઈઈ - નીટની પરીક્ષા યોજવા માટે સરકારે આપી દીધી લીલીઝંડી

**રાજ્યભરમાં તમામ પરીક્ષાઓનું ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું**




ગાંધીનગર

આગામી સપ્ટેમ્બરમાં મેડિકલ અને એન્જીનીયરીંગમાં પ્રવેશ મેળવવા માટેની જેઈઈ - નીટ પરીક્ષાઓ યોજવા માટે સુપ્રીમ કોર્ટે લીલી ઝંડી આપી દીધી છે છતાં ૬ રાજ્યોએ સુપ્રીમ કોર્ટમાં આ ચુકાદાની સામે રીવ્યુ પિટિશન દાખલ કરી છે. ત્યારે દેશમાં જેઈઈ - નીટ પરીક્ષાઓ યોજવાનો લઈને ચાલી રહેલી વિવાદમાં ગુજરાતના શિક્ષણ વિભાગે એક નિવેદન જાહેર કરીને આડકતરી રીતે આ પરીક્ષાઓનું ગુજરાતમાં આયોજન કરવામાં આવશે તેમ કહ્યું છે.ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા કહેવામાં આવ્યું છે કે ગુજરાતમાં ગુજકેટ, ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની અને ધોરણ ૧૦ એસએસસીની પૂરક પરીક્ષાઓનું સફળ આયોજન કરવામાં આવ્યું અને લખો વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક આ પરીક્ષાઓ આપી છે.શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે કે દેશભર અને રાજ્યમાં કોરોના મહામારી વચ્ચે પણ વિદ્યાર્થીઓનું સંપૂર્ણ હિત જળવાય અને પરીક્ષાઓનું પણ સફળતાપૂર્વક આયોજન કરીને તેમની શૈક્ષણિક કારકિર્દી પણ સચવાય તેની રાજ્યસરકાર ચિંતા કરે છે અને રાજ્યભરમાં તમામ પરીક્ષાઓનું ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સફળ આયોજન કરવામાં આવ્યું.

શિક્ષણ મંત્રી ચુડાસમાએ જણાવ્યું છે કે ગુજકેટની પરીક્ષાઓમાં ૧,૦૬,૪૨૯ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા અને પરીક્ષા આપી હતી. તે જ રીતે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાઓમાં પણ ૧૯૮૯૭ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૦ની પૂરક પરીક્ષાઓમાં ૧,૦૮૧૮૩૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

શિક્ષણ મંત્રીએ આગળ ઉમેર્યું છે કે કોરોના મહામારી વચ્ચે વિદ્યાર્થીઓના આરોગ્યની પણ શિક્ષણ બોર્ડ દ્વારા સાવચેતી તકેદારી રાખવામાં આવી હતી.

વિદ્યાર્થીઓ માસ્ક પહેરીને જ પરીક્ષા આમ હોલમાં પણ સૅનેટાઈઝેશનની વ્યવસ્થા થાય, સોશીયલ ડિસ્ટન્સ પણ જળવાય અને વિદ્યાર્થીઓને સૅનેટાઈઝર પણ પૂરું પાડવામાં આવે તેવી તમામ તકેદારીઓ રાખવામાં આવી હતી.

## તંત્રી લેખ

## ગુજરાતમાં સતત વરસાદને લીધે લીલા દુષ્કાળનો ભય

સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના ટિકર ગામના ખેડૂત વનરાજભાઈ સોલંકી ગળગળા અવાજમાં અતિવૃષ્ટિને કારણે ગામના દરેક ખેતરમાં ઘૂંટણસમાં પાણી ભરાયાં હોવાની વાત જણાવે છે.પાછલા દિવસોમાં પડેલા ધોધમાર વરસાદને પગલે પોતાના ખેતરમાં વાવેલ તલ અને કપાસનો પાક નિષ્ફળ જવાને કારણે સર્જાયેલી નિરાશાજનક પરિસ્થિતિનું પ્રતિબિંબ તેમના શબ્દોમાં ઝિલાઈ રહ્યું હતું.તેઓ અનરાધાર વરસાદને કારણે પોતાના પાકને થયેલા નુકસાન વિશે વાત કરતાં કહે છે, તલ અને કપાસના પાક પર કરેલો લગભગ ૭૦ હજારનો ખર્ચ માથે પડ્યો છે.બૅંક અને ખાનગી નાણાં ધીરનાર પાસેથી ઉછીનાં નાણાં લઈને આ પાક વાવ્યો હતો, હવે કમાણી તો ઠીક પણ વ્યાજના પૈસાની ચિંતા થવા લાગી છે.આવી જ પરિસ્થિતિ ગામના અન્ય ખેડૂતોની હોવાની વાત કરતાં તેઓ કહે છે કે, ગામમાં હજારો વીઘા જમીનમાં પાણી ભરાયાં છે, પાક સંપૂર્ણપણે નિષ્ફળ ગયો છે.જો જલદી સરકાર તરફથી સહાય નહીં કરવામાં આવે તો ઘણા ખેડૂતો વધારે મુશ્કેલીમાં મુકાઈ જશે.અતિવૃષ્ટિની પરિસ્થિતિને કારણે નિષ્ણાતો સૌરાષ્ટ્ર અને કચ્છના મોટા ભાગના વિસ્તારોમાં સ્થિતિ અત્યંત સંવેદનશીલ હોવાનું જણાવે છે.ગુજરાતમાં પાછલા અમુક દિવસો દરમિયાન ભારે વરસાદ પડ્યો છે. રાજ્યમાં સાર્વત્રિક વરસાદને પગલે મોટા ભાગના જિલ્લાઓમાં જળબંબાકારની પરિસ્થિતિ સર્જાઈ હતી.ગામો સહિત અનેક મોટાં શહેરોમાં પણ દિવસો સુધી વરસાદનાં પાણી ભરાઈ રહ્યાં હતાં.ભારે વરસાદને પગલે મુખ્યત્વે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોનાં ખેતરોમાં પાણી ભરાતાં ખેડૂતોની ચિંતા વધી છે.અતિવૃષ્ટિને લીધે સર્જાયેલી પરિસ્થિતિને કારણે અહીંના ખેડૂતોમાં પાક નિષ્ફળ જવાનો ભય ઊભો થયો છે.સ્થાનિક અખબારોના અહેવાલો પ્રમાણે ભારે વરસાદને કારણે સૌરાષ્ટ્ર, કચ્છ સહિતના અનેક વિસ્તારોમાં મગફળી, કપાસ, કઠોળ અને બાગાયતી પાકોને ભારે નુકસાન થયાનો દાવો ખેડૂતો અને ખેડૂતસંગઠનો કરે છે.ઘણા ખેડૂતઆગેવાનો તથા ખેડૂતોએ તો રાજ્યમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિને કારણે લીલો દુષ્કાળ પડવાનો ભય પણ વ્યક્ત કર્યો છે.

પહેલાં એ જાણી લઈએ કે લીલો દુષ્કાળ શું છે?ખેડૂત એકતામંચના સુરેન્દ્રનગર જિલ્લાના પ્રમુખ રાજુભાઈ કરપડા લીલા દુષ્કાળનો અર્થ સમજાવતાં જણાવે છે, જ્યારે જે-તે ક્ષેત્રમાં સિઝનનો ૧૨૦ ટકા કરતાં વધુ વરસાદ પડ્યો હોય અને ખેડૂતોના પાકને પાણીની વધુ આવકને કારણે નુકસાન થાય તો તેવી પરિસ્થિતિને લીલા દુષ્કાળની પરિસ્થિતિ કહે છે.તેઓ આ વિશે આગળ વાત કરતાં જણાવે છે, હાલ સરકાર દ્વારા દુષ્કાળ જાહેર કરવા માટેનું એકમ જે-તે તાલુકો રાખવામાં આવ્યું છે. એટલે કે સરકાર દ્વારા લીલો દુષ્કાળ જાહેર કરવા માટે સમગ્ર તાલુકામાં અમુક મર્યાદા કરતાં વધુ વરસાદ પડવો જોઈએ.જોકે, તેઓ જણાવે છે કે લીલા દુષ્કાળની આ ગણતરી અગાઉની જોગવાઈ પ્રમાણે થતી હતી. પરંતુ હાલ ગુજરાત સરકાર દ્વારા આ જોગવાઈ સાવ ઉલટાવીને તેના સ્થાને કેટલીક અવાસ્તવિક જોગવાઈઓ કરાઈ છે.ગુજરાત કિસાન કૉંગ્રેસના ચૅરમૅન પાલભાઈ આંબલીયા સામાન્ય ખેડૂતની ભાષામાં લીલા દુષ્કાળની પરિસ્થિતિની વ્યાખ્યા આપતાં જણાવે છે કે લીલો દુષ્કાળ એટલે જે પરિસ્થિતિમાં ખેડૂત સતત વરસાદને કારણે પોતાના ખેતરમાં જઈ જ ન શકે અને એ અતિશય, અનારાધાર વરસાદને પગલે પાક નિષ્ફળ જાય.ખેતરમાં પાક લેવા માટે ઋતુ આધારિત ચક્રને અનુસરીને ખેડૂત દ્વારા પાકને જે માવજત મળવી જોઈએ તે આ પ્રકારના લીલા દુષ્કાળના સમયમાં શક્ય બનતું નથી.પાલભાઈ અને રાજુભાઈ બંને ખેડૂતઆગેવાનો હાલ રાજ્યમાં સર્જાયેલી પરિસ્થિતિને લીલા દુષ્કાળની પરિસ્થિતિ ગણાવે છે.સૂકા દુષ્કાળ વિશે વાત કરતાં રાજુભાઈ કરપડા જણાવે છે, અગાઉની ગણતરી પ્રમાણે જ્યારે સતત ૨૮ દિવસ સુધી વરસાદ ન પડે ત્યારે તેવી પરિસ્થિતિને સૂકા દુષ્કાળની પરિસ્થિતિ કહેવામાં આવતી હતી. હાલ સૂકા દુષ્કાળ માટે પણ તાલુકાને એકમ તરીકે ગણવામાં આવે છે.સૂકા દુષ્કાળ વિશે વાત કરતાં જણાવે છે, જ્યારે સંપૂર્ણ ઋતુ દરમિયાન બિલકુલ વરસાદ ન પડે અથવા વાવણી વખતે વરસાદ પડે પરંતુ ત્યાર પછી અમુક અઠવાડિયાં સુધી જો બિલકુલ વરસાદ ન પડે તો તેવી પરિસ્થિતિને દુષ્કાળ ગણી શકાય.

## પાક ગુપ્તચર એજન્સી આઈએસઆઈનું પકડાયું ગુજરાત કનેક્શન

ગાંધીનગર,તા.૨૯

આતંકીઓના સોફ્ટ ટાર્ગેટ પર ગુજરાત હંમેશાથી રહ્યું છે. ત્યારે ફરી એકવાર પોલીસ તપાસમાં ગુજરાત કનેક્શન સામે આવ્યું છે. પાકિસ્તાનને અડીને આવેલા સરહદી કચ્છના તાર વધુ એકવાર આઈએસઆઈના નામે ઓળખાતી પાકિસ્તાની જાસૂસી સંસ્થા ઈન્ટર સર્વિસ ઈન્ટેલિજન્સ સાથે જોડાયાં હોવાનો નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીની તપાસમાં ઘટસ્ફોટ થતાં ચકચાર મચી છે.

ગત ૧૯ જાન્યુઆરીએ વારાણસીમાંથી પકડાયેલાં આઈએસઆઈ એજન્ટ મોહમ્મદ રાશિદ ઈદ્રીશના ખાતામાં પેટીએમ મારફતે જમા થયેલાં ૫ હજાર રૂપિયાની તપાસમાં આ નાણાં મુન્દ્રાના કુંભારવાસમાં રહેતાં રઝાક સુમાર કુંભારે જમા કરાવ્યાં હોવાનો પર્દાફાશ થયો છે.

આ અંગે NIA એ જણાવ્યું છે કે, ત્રાસવાદી સંગઠનની સૂચનાના પગલે રઝાક કુંભારે પેટીએમ મારફતે રીઝવાન નામના શખ્સના ખાતામાં ૫ હજાર રૂપિયા જમા કરાવ્યા હતા. આ નાણાં રીઝવાને રાશિદને આપ્યા હતા. NIA એ રઝાક કુંભારના ઘરની તપાસ કરીને કેટલાક સંવેદનશીલ દસ્તાવેજો જપ્ત કર્યાં છે. આ ઉપરાંત રઝાક વિશે અન્ય ચોંકાવનારી વિગતો પણ મળી કે, રજાક કુંભારે પાકિસ્તાની યુવતી સાથે નિકાહ કર્યાં છે.

અગાઉ તે પાકિસ્તાન ગયો ત્યારે તે પાકિસ્તાની જાસૂસી એજન્સીના હેન્ડલરના સંપર્કમાં આવ્યો હોવાની શક્યતા છે. તેની પત્ની હાલ પાકિસ્તાનમાં છે. રઝાક કેટલાં સમયથી આઈએસઆઈ માટે કામ કરતો હતો. કચ્છમાં તેની સાથે અન્ય કોઈ એજન્ટ કામ કરે છે કે કેમ તે સહિતના મુદ્દે હાલ સઘન પૂછપરછ ચાલી રહી છે.

ઉત્તરપ્રદેશ સ્થિત ત્રાસવાદ વિરોધી દળ અને મિલિટરી ઈન્ટેલિજન્સે સંયુક્ત ઓપરેશન હાથ ધરી ગત ૧૯ જાન્યુઆરીના રોજ વારાણસીમાંથી મોહમ્મદ રાશિદ ઈદ્રીશ નામના ૨૩ વર્ષિય યુવકની ધરપકડ કરી હતી.

મૂળ ચંદોલીના મુગલસરાઈના રહેવાસી રાશિદના સંબંધી પાકિસ્તાનમાં રહેતાં હોઈ લગ્નપ્રસંગે તે ૨૦૧૭ અને ૨૦૧૮માં પાકિસ્તાન ગયો હતો. ત્યાં તે આઈએસઆઈ હેન્ડલરના સંપર્કમાં આવ્યો હતો.

નાણાંની લાલચમાં રાશિદે આઈએસઆઈ માટે કામ કરવાનું શરૂ કર્યું હતું. તેણે વારાણસીના વિવિધ ઘાટ, મહત્વના મંદિરો, રેલવે સ્ટેશન, લખનૌના વિવિધ વ્યૂહાત્મક સ્થળો, મિર્ઝાપુર અને સોનભદ્ર જેવા નક્સલાઈટ વિસ્તારમાં આવેલા સીઆરપીએફ કેમ્પ વગેરેની સંવેદનશીલ માહિતી અને ફોટોગ્રાફ વોટ્સએપ મારફતે સામે સહરદની પાર આવેલા પાકિસ્તાનમાં કોઈકને શેર કર્યાં હતા. ત્યારે આતંકીઓનું ગુજરાત કનેક્શન સામે આવતાની સાથે જ ગુજરાત એટીએસ પણ સક્રિય થઈ છે.

## ગુજરાતની ડેરી અમુલે વિશ્વની ટોપ ૨૦ ડેરીમાં મેળવ્યું સ્થાન




અમદાવાદ,તા.૨૯

રાજ્ય અને દેશના ઘર ઘરમાં પોતાની જગ્યા બનાવી ચૂકેલા અમૂલે વિશ્વમાં પણ પોતાની ઓળખ મજબૂત કરવામાં સફળતા મેળવી લીધી છે. ૧૯૪૬માં ગુજરાતનાં ખેડૂતોને તેમના ઉત્પાદનનું યોગ્ય વળતર મળે તે માટે શરૂ કરવામાં આવેલો આ પ્રયાસ આજે દુનિયાની ટોપ ૨૦ ડેરી બ્રાંડમાં સામેલ થઈ ગયો છે. રોબોબેંકની દુનિયાભરની સૌથી મોટી ૨૦ ડેરીની કંપનીઓમાં અમૂલને ૧૬મા સ્થાન સાથે એન્ટ્રી મારી છે.આ યાદી ૨૦૧૯નાં ટર્નઓવરનાં આંકડાઓ પર આધારિત છે. આ ખિતાબ બાદ અમૂલે ગુજરાતના ૩૬ લાખ દૂધ ઉત્પાદકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા. આ સાથે ગુજરાતનાં સીએમ વિજય રૂપાણીએ પણ ટ્વિટ કરીને અભિનંદન આપ્યા છે. ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન જે અમૂલ બ્રાંડને મેનેજ કરે છે, ૫.૫ અરબ કરોડ ડોલરનાં ડેરી ટર્નઓવરની સાથે લિસ્ટમાં ૧૬માં સ્થાન પર છે. લિસ્ટમાં પહેલુ સ્થાન સ્વિટ્ઝરલેંડની નેસ્લેનું છે. નેસ્ટલેનું ટર્નઓવર ૨૨.૧ અરબ ડોલર છે. જ્યારે ફ્રાંસની લેકટીલીસ ૨૧ અરબ ડોલરનાં ટર્નઓવરની સાથે બીજા અને ડેરી ફાર્મર ઓફ અમેરિકા ૨૦ અરબ ડોલરનાં ટર્નઓવરની સાથે ત્રીજા સ્થાન પર છે.

આખી લિસ્ટમાં ફ્રાંસની સૌથી વધુ ૩ કંપની છે જ્યારે અમેરિકાની ૩, ચીન, નેધરલેન્ડ, કેનેડાની ૨ -૨ કંપનીઓ સામેલ છે. આ અંગે અમૂલ દ્વારા પણ ટ્વિટ કરીને ખુશી વ્યક્ત કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમુલનાં કારણે અનેક પશુપાલકો ન માત્ર પગભર થયા છે, પરંતુ શ્વેતક્રાંતિના કારણે તેઓ આર્થિક રીતે પણ મજબુત બન્યા છે. અમુલ દ્વારા જણાવવામાં આવ્યું કે, આ અમારી જ નહી પરંતુ લાખો પશુપાલકોને મળેલું ગૌરવ છે. જેમના થકી આજે અમુલ ઉજળું છે.

## નર્મદા ડેમનાં ૨૩ દરવાજા ખોલાયા, વડોદરા, ભરૂચ, નર્મદા જિલ્લાના નદી કિનારાના ગામો એલર્ટ પર


વડોદરા

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમની સપાટીમાં છેલ્લા ૯ દિવસથી સતત વધારો નોંધાઈ રહ્યો છે.હાલ નર્મદા ડેમના ૨૩ દરવાજા ખોલવામાં આવ્યા છે. ઉપરવાસમાંથી નર્મદા ડેમમાં ૫ લાખ ક્યુસેક પાણી ઓમકારેશ્વર ડેમમાં છોડવામાં આવ્યું છે. ૨૩ ગેટ ખોલવાની ફરજ પડી છે. ૨૩ ગેટમાંથી ૩ લાખ ૬૫ હજાર ક્યુસેક પાણી નદીમાં છોડાય રહ્યું છે. ત્યારે નર્મદા ડેમની જળ સપાટી ૧૩૧.૨૫ મીટર પર પહોંચી છે. સતત વધતી જળ સપાટીને કારણે વડોદરા, ભરૂચ અને નર્મદા જિલ્લાના નદી કિનારાના ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે.ડૉ. રાજીવ ગુપ્તા દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે સરદાર સરોવરનાં ૩૦ રેડિઅડ દરવાજા છે જેનું વજન ૪૫૦ ટન્સ છે. એટલે ૧૫૦ હાથીઓનું વજન ભેગુ કરીએ તો એક દરવાજાનું વજન થાય. સરદાર સરોવર ડેમની નીક (સ્પીલવે) પર ૪૫૦૦ હાથી બેઠા હોય, જેની વૉટર ડિસ્ચાર્જ કેપેસિટી ૩૦ લાખ ક્યુસેક છે.નર્મદા ડેમની જળસપાટીમાં થોડા દિવસથી સતત વધારો થઈ રહ્યો છે, બીજી તરફ ઉપરવાસમાંથી પણ પાણી છોડાઈ રહ્યું છે. એવામાં રિવરબેડ પાવરહાઉસના પાંચ ટર્બાઈનો શરૂ કરવામાં આવ્યા હતા. સાથે જ ડેમમાંથી પાણી છોડાતા નદી ફરી બંને કાઠે વહેતી થઈ હતી. જેના પગલે ગરુડેશ્વર વિયર કમ કોઝવે છલકાઈ ગયો હતો. આ બાદ નર્મદાના નદી કાંઠાના ગામમાં રહેતા લોકોને સાવધાન કરવામાં આવ્યા હતા.

નર્મદા નદીમાં પાણી છોડાતા તીર્થધામ ચાંદોદના ઐતિહાસિક મલ્હારરાવ ઘાટના ૪૦ પગથીયા પાણીમાં ગરકાવ થયા છે. વિપુલ પ્રમાણમાં બે કાંઠે વહેતી નર્મદાનો નયનરમ્ય નજારો જેવા પર્યટકો ઉમટી પડ્યા છે. યાત્રિકો બોટીંગ દ્વારા નર્મદા વિહારનો આનંદ લઈ રહ્યા છે.આ સીઝનમાં પહેલીવાર ગરુડેશ્વર વિયર છલકાયો છે. જ્યારે આ પહેલા જૂન મહિનામાં ચોમાસા પહેલા સરદાર સરોવર ડેમને ખાલી કરવાનો હોઈ ૬ ટર્બાઈનો શરૂ કરીને ૫૦ હજારથી વધારે ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું. તે સમયે પણ ગરુડેશ્વર વિયર છલકાઈ ગયો હતો.

ડેમમાં પાણીની સારી એવી આવક થતા વર્ષ દરમિયાન ગુજરાતને તેમાંથી પૂરતું પાણી મળતું રહેશે અને ખેડૂતો પણ અન્ય સીઝનમાં સારો એવો પાક લઈ શકશે.

## અંતરનાં આયનામાં....
**(લેખાંક -૧૭)**
**વર્ષા જાની**



જગતનું સર્જન કરનાર ઉત્તમ સર્જક ઈશ્વરે જગતમાં મનુષ્યની સાથે સાથે વિવિધ પદાર્થોનું પણ સર્જન કર્યું છે. એક બીજ વાવીએ અને એમાંથી લાખો દાણા ઉત્પન્ન કરનાર સર્જનહાર દરેક જીવમાત્રનું ભરણપોષણ કરે છે. ભગવાન ભૂખ્યો જગાડે છે પણ કદી કોઈને ભૂખ્યા સુવડાવતો નથી.

માટી તો એકસરખી જ હોય છે, એક જ ક્યારીમાં ઊગેલા ફૂલોમાં જાસુદ લાલ ચટ્ટક રંગ ધારણ કરે તો વળી પોતાની સુગન્ધ ચોમેર ફેલાવીને ધોળું દૂધ જેવું હાસ્ય કરનાર મોગરો, અનેકરંગી કરેણ કે દ્વિરંગી ફૂલો ધારણ કરનારી મધુમાલતી યા તો પછી સોડમથી તરબતર કરી દેતી રાતરાણી!, પારિજાત, આ બધા ફૂલછોડને કોઈ કૃત્રિમતા સ્પર્શી શકતી નથી ! કુદરતનું સાનિધ્ય પામીને ધરતીમાનાં ખોળે ઝૂલતા બધા જ પ્રકારના શાકભાજી, અનાજ, કઠોળ વગેરે કોણ રંગતું હશે !એમાં રસકસ પૂરનાર જીવપોષક દરેક જીવ માત્રનું ધ્યાન રાખે છે. પ્રકૃતિના દરેક તત્વોનું નિયમન આપોઆપ થયાં જ કરે છે. સૂર્ય, ચન્દ્રની નિયમિતતા યથા સમય પોતાની હાજરી પુરાવીજાય છે.પોતાની જાદુઈ છડી ફેરવીને ઋતુ ઋતુના ખાનાખજાના ભરપૂર કરી જનારો એ જાદુગર પોતાનું કાર્ય સમય સમયે કરીને જીવ માત્રનું ધ્યાન રાખે જ છે ને?

પણ આપણે તો માણસ જાત ! બહું બધી બુદ્ધિનો ભન્ડાર, મહાબુદ્ધિશાળપ્રાણી, કુદરતનાં તંત્રમાં દખલ કરીને ચંચુપાત કરનાર ! આપણે કોઈના વાર્યા ન વળીએ પણ હાર્યા ય વળીએ છીએ ખરાં?

કેમિકલયુક્ત અનાજ, કઠોળ, શાકભાજી, ફળો જેવા અનેક ખાદ્ય પદાર્થો તો ખાઈએ જ છીએ, પછી અનેક રોગને નોતરીએ છીએ. આટલુ ઓછું હોય એમ કેટલાય લોકોતો વળી શરાબ, તમાકું, ગુટખાની ટેવથી ઘેરાયેલા હોય છે! માણસ પહેલાં પોતે કોઈપણ ખરાબ આદત પાડે પછી એ આદત છૂટવામાં માણસને હેઠો પાડે ! તમાકુંનું નિકોટીનનું ઝેર એટલી હદે શરીરમાં ફેલાઈ ચૂક્યું હોય, એ કૅન્સર જેવા રોગનું મૂળ ઊભું કરે ! સાંભળ્યું છે કે તમાકુનાં ખેતરને વાડ ન હોય ! ટૂંકમાં તમાકુને ગાય, ભેંસ કે ગધેડા જેવા પ્રાણીઓ સૂંઘતા પણ નથી. જે વસ્તુ ગધેડા પણ ન ખાય એ માણસ ખાય ! સિગરેટ, બીડી કે મસાલા કોઈ પણ રીતે પોતાના શરીરમાં તમાકું નાખે એ માણસ કહેવાને લાયક ગણાય?? જાણી જોઈને ઝેરનાં પારખા કરે ને પછી કહે નસીબમાં હશે એમ થશે ! આ ક્યાંનો ન્યાય? રોગના કુવામાં કૂદકો મારીએ અને પછી ભગવાનને કહીએ કે હવે તું બચાવ !

ઈશ્વરે એટલા માટે જ શરીરની રચના અદ્ભૂત કરી છે ! મુખની બરાબર ઉપર જ નાક મૂક્યું છે, કે એ મુખમાં મુકવામાં આવતા દુર્ગન્ધ મારતા પદાર્થનું ભાન કરાવે. સભાન પણે કુટેવને સેવીએ અને પછી જીવનને નસીબના આધારે મૂલવીએ? આ તે કેવું?

હાથપગ ચલાવ્યા વગર એકજગ્યાએ બેસી રહેવાથી કોઈ આવક મેળવી શકાતી નથી ! કે ભરણપોષણ થઈ શકતું નથી. પુરુષાર્થ કરવો પડતો હોય છે, અને પુરુષાર્થ કરીને રળેલું ધન કુટેવનાં માર્ગે વાપરીને પછી જીવનને પ્રારબ્ધ પર છોડવાનું કેટલું વાજબી? કુટુંબવ્યવસ્થાથી જોડાયેલા આપણે માત્ર એકલા અટુલા નથી. આપણું જીવન ફક્ત આપણું જ ન રહેતા સમગ્ર પરિવારનું છે . ઘરમાં એકપણ વ્યક્તિ મહારોગનો ભોગ બને તો આખો પરિવાર અસ્તવ્યસ્ત બની જાય છે! પોતાનું જીવન સમગ્ર પરિવારનું છે. એમ સમજીને વ્યસનમુક્ત રહેનાર વ્યક્તિ જ ખરેખર બુદ્ધિશાળી પ્રાણી ગણાય !

વર્ષા જાની
ભાવનગર
30 સપ્ટેમ્બર ૨૦૨૦

## સુરત સિવિલના કોરોના વોર્ડમાં સિગરેટ પીતા આરોપીઓનો વીડિયો વાઈરલ


અમદાવાદ,તા.૨૯

નવી સિવિલ હોસ્પિટલમાં આવેલા કોરોના વોર્ડમાં સિગરેટ પીતા અને ગેમ રમતા આરોપીઓનો વીડિયો સોશિયલ મીડિયામાં ખૂબ જ વાઈરલ થઈ રહ્યો છે. આરોપીઓ પાસે સિગરેટ અને મોબાઈલ ફોન કેવી રીતે પહોંચ્યા તેને લઈને સિવિલ સ્ટાફ અને પોલીસની ભૂમકિા સામે સવાલો ઉભા થયા છે. પાલિસ દ્વારા ઝડપી પાડવામાં આવાતા આરોપીઓને કોર્ટમાં રજૂ કરતા પહેલા પોલીસ દ્વારા કોરોનાનો રિપોર્ટ કરવામાં આવે છે. દરમિયાન જો કોઈ આરોપીના શંકાસ્પદ લક્ષણો હોય તો તેને સિવિલમાં દાખલ કરી તપાસ હાથ ધરવામાં આવે છે.

નવી સિવિલ હોસ્પિટલ ખાતે આરોપીઓ માટે જૂની બિલ્ડીંગમાં શંકાસ્પદ કે કોરોનાગ્રસ્તને રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે. દરમિયાન આ આરોપીઓનો વીડિયો વાઈરલ થયો છે. કોરોના વોર્ડમાં દાખલ કરવામાં આવેલા આરોપીઓ સિગરેટના કસ મારતા અને મોબાઈલ ફોનમાં ગેમ રમતા વીડિયોમાં નજરે પડી રહ્યા છે. આ આરોપીઓ પૈકી એક આરોપીને હથકડી પણ બાંધવામાં આવેલી છે. આરોપીઓ બેડ પર અને ઉભા થઈ સિગરેટના કસ મારતા નજરે પડી રહ્યા છે.

આ વીડિયો વાઈરલ થતા સિવિલના સ્ટાફ અને પોલીસ સામે સવાલો ઉભા થયા છે.

## ★ભાવાંજલી★



★કશું શ્વાસ વચ્ચે વણી ને અચાનક★
★અદીઠી સફર આદરે છે ચહેરો★
★ઢળી જાય એકાંત મનની સમીપે★
★છતાં ચોતરફ વિસ્તરે છે ચહેરો★

આપણા સૌના આદરપાત્ર અને અમરેલી સાહિત્ય અને સારસ્વત જગતનું ગૌરવ..અમરેલી જિલ્લા સાહિત્ય સર્જક પરિવાર ટ્રષ્ટના પ્રમુખ અને ગુજરાત પુસ્તક પરબ ના સ્થાપક ડો.પૃતાપદાદા પંડ્યા હવે આપણી વચ્ચે નથી રહ્યાં...એમનું દેહાવસાન આજૅ વડોદરા મુકામે થયું છે. અચાનક આ રીતે પૂ.દાદાની વિદાયથી અત્યંત ગ્લાનિ અનુભવાય છે.સમગ્ર સમાજને ...સાહિત્ય જગતને ...એમના જવાથી ખૂબ મોટી ખોટ છે.એમનો માતૃભાષા પ્રેમ જુઓ..આજૅ જોગાનુ જોગ વિશ્વ ગુજરાતી ભાષા દિનના દિવસે જ એમનું આ રીતે જવું એ પણ એક સંજોગ છે..એટલૅ માતૃભાષા સંવર્ધનને માટેનું યોગદાન પણ જોડાયું છે. જન્મ અને મૃત્યુ તો ઈશ્વરના હાથમાં છે.

એમણે એક ઉત્તમ પુસ્તક સેવાની ભાવનાની મિશાલ કાયમ કરી ખૂબ મોટુ ઋણ અદા કર્યું છે..

પરમ પિતા પરમેશ્વર એમના દિવ્ય આત્માને શાંતિ આપે .. એમના ચરણોમાં સ્થાન આપે ..એજ અભ્યર્થના..સહ અમારી ભાવાંજલી અર્પણ કરીએ છીએ.

★આપ અગ્રદૂત છો પ્રગતિ પંથના★
★ગીતા અમારી છે આપનું જીવન★
★સ્મૃતિ આપની અમ ચીર પ્રેરણા★
★શ્રધ્ધા થી અર્પિત છે વંદન..★

એમની દિવ્ય ચેતનાને ભાવપૂર્ણ વંદન..
ઉમેશ જોશી
ઉદય દેસાઈ
પરેશ મહેતા
કેતન જોશી

**અ.જી.સા.સર્જક પરિવાર**

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001